| **ઝઘડીયાના મે.એડી.ચીફ  જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ઝઘડીયા. જિલ્લો ભરૂચ** |
|---|

**<u>ક્રિમીનલ કેસ નં.૭૭૧/૨૦૨૫</u>**
**આંક–**

**::ફોર્મ–એ::**

| **એડી.ચીફ  જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ.ઝઘડીયા, જિલ્લો ભરૂચ**<br>હુકમની તારીખ:–૦૮/૦૬/૨૦૨૬<br>**ક્રિમીનલ કેસ નં.૭૭૧/૨૦૨૫** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | ઝઘડીયા  પો.સ્ટે.  તા.ઝગડીયા, જી.ભરૂચ |
| **ગુન્હો** | ભારતીય ન્યાય સહિતાની કલમ ૧૧૮(૨), ૩૨૪(૪)(૫),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી એ.સી.સોલંકી |

**–:: વિરૂધ્ધ ::–**

| | |
|---|---|
| **આરોપી** | (૧) ધર્મેશભાઈ મુકેશભાઈ પાટણવાડીયા(ઠાકોર),<br>(૨) સુનીલભાઈ મુકેશભાઈ પાટણવાડીયા(ઠાકોર),<br>રહે.ગોવાલી,તા.ઝઘડીયા,જી.ભરૂચ. |
| **આરોપી તરફે** | વિ.વકીલશ્રી–એમ.એફ.મન્સુરી. |

**::ફોર્મ–બી::**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૦૬/૧૧/૨૦૨૪ |
| એફ.આઈ.આરની તારીખ | તા.૦૭/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયાની તારીખ | તા.૨૦/૦૩/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | તા.૨૬/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૨૧/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૦૬/૦૬/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૦૮/૦૬/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

**<u>::આરોપી ની વિગત::</u>**

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૨) |
| આરોપીનુ નામ | (૧) ધર્મેશભાઈ મુકેશભાઈ પાટણવાડીયા(ઠાકોર),<br>(૨) સુનીલભાઈ મુકેશભાઈ પાટણવાડીયા(ઠાકોર), |
| ધરપકડ કર્યા તારીખ | તા.૨૪/૧૧/૨૪ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૨૭/૧૧/૨૪ |
| કયો ગુન્હો નોધાયેલ | ભારતીય ન્યાય સહિતાની કલમ ૧૧૮(૨), ૩૨૪(૪)(૫),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગત | – |
| બી.એન.એસ.એસ ની કલમ ૪૬૮ મુજબ ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમા રહેલ સમય | – |

**::ફોર્મ સી::**

**<u>એ–ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી</u>**

| ક્રમ. | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ભુપેન્દ્રભાઈ ખુમાનભાઈની જુબાની | ફરીયાદી | ૭ |

**બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલ નથી.**
**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલ નથી.**

**એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી**

| ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૮ | ફરીયાદ |
| ૨. | ૯ | આરોપીની શરીર સ્થિતિનુ પંચનામું |
| ૩. | ૧૦ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૪. | ૧૧ | મેડીકલ સર્ટી. |
| ૫. | ૧૨ | કલોઝીંગ પુરસીસ |

**બી– બચાવપક્ષ ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**સી– અદાલત ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન:– નથી.**

// **ચૂ કા દો** //

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની પત્નીને આરોપી ધર્મેશભાઈ સાથે એક વર્ષ પહેલા આડા સંબંધ હતા અને ફરીયાદીની પત્નીને આરોપી ધર્મેશભાઈ નાઓ રાખવા માંગતા હોય જેથી આ કામના બંને આરોપીઓ ફરીયાદીના ઘરે પારીયા પાસે જઈ આરોપી નં.૧ એ ફરીયાદીને માથાના ભાગે લોખંડના પારીયાનો હાથો મારી ઈજા પહોચાડી તથા આરોપી નં.૨ એ ફરીયાદીના બંને પગ ઉપર પારીયાના હાથા વડે માર મારી તેમજ ફરીયાદીની મો.સા ને બંને આરોપીઓએ પારીયાના ઘા મારી નુકશાન કરી

એકબીજાની મદદગારી કરી મહે. ડીએમ.સા.શ્રી ના જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ભારતીય ન્યાય સહિતાની કલમ ૧૧૮(૨),૩૨૪(૪)(૫),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫મુજબ નો ગુનો કરી જેની ફરિયાદ ફરિયાદીએ આપતા આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામાઓ કરી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા સદરહુ કામે આરોપીઓ સામે ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામ.કોર્ટ તરફથી આરોપીઓ વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીઓને સમન્સ બજી ગયેલ હોય આરોપીઓ નામ.કોર્ટમાં હાજર થયેલ છે. આ કામે આરોપીઓને પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ તહોમતનામુ ફરમાવી ઉપરોકત ગુનાના કામે પ્લી લેતાં આરોપીઓને સદરહુ ગુનો કબુલ ન હોવાનું જણાવતા, જેથી સદરહુ કામ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ, આ કામે **બી.એન.એસ.એસની કલમ–૩૫૧** અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ ન આવતા વિશેષ નિવેદન નોધવામા આવેલ નથી.

(૪) ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી તરફે આંક–૧૭ થી લેખિત દલીલો રજુ કરવામા આવેલ છે જેને વંચાણે લેતા જણાય છે કે, રજુ પુરાવાઓના આધારે દલીલ કરવાના બદલે કોર્ટ તથા પક્ષકારો ઉપર આક્ષેપો કરતી દલીલો છે જેની અત્રે ચર્ચા કરવી પણ જરૂરી જણાતી નથી.

(૫) બચાવ પક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહુ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:::-- મુદ્દા --:::**

**<u>મુદ્દા નં.૧</u>** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની પત્નીને આરોપી ધર્મેશભાઈ સાથે એક વર્ષ પહેલા આડા સંબંધ હતા અને ફરીયાદીની પત્નીને આરોપી ધર્મેશભાઈ નાઓ રાખવા માંગતા હોય જેથી આ કામના બંને આરોપીઓ ફરીયાદીના ઘરે પારીયા પાસે જઈ આરોપી નં.૧ એ ફરીયાદીને માથાના ભાગે લોખંડના પારીયાનો હાથો મારી ઈજા પહોચાડી તથા આરોપી નં.૨ એ ફરીયાદીના બંને પગ ઉપર પારીયાના હાથા વડે માર મારી તેમજ ફરીયાદીની મો.સા ને બંને આરોપીઓએ પારીયાના ઘા મારી નુકશાન કરી એકબીજાની મદદગારી કરી મહે. ડીએમ.સા.શ્રી ના જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ભારતીય ન્યાય સહિતાની કલમ ૧૧૮(૨),૩૨૪(૪)(૫),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**<u>મુદ્દા નં.૨.</u>** શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે. :

(૧) નકારમાં,
(૨) આખરી હુકમ મુજબ.

**<u>// કા ર ણો અને ચ ર્ચા //</u>**

**<u>મુદ્દા નં.૧ અને ૨ અંગે :-</u>**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયંલા હોવાથી હકીકતોનુ પુનરાવર્તન ન થાય અને સરળતા રહે તે હેતુ થી બને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામા આવેલ છે.

**(૭.૧)** સદરહુ કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સહિતાની કલમ ૧૧૮(ર),૩ર૪(૪)(૫),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુન્હો કર્યા અંગેનુ તહોમત છે. ફરીયાદપક્ષે પોતાના પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે.

**(૭.ર)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૭ થી ફરીયાદી ભુપેન્દ્રભાઈ ખુમાનભાઈ નાઓની જુબાની નોધવામા આવેલા છે. જેમા સદરહુ તમામ સાહેદએ તેઓની જુબાનીમા બનાવમા આરોપીઓ સાથે તેઓને બોલાચાલી થયેલ અને તે બોલાચાલીના બનાવમા ધકકા મુકકીમાં પડી જવાથી ઈજાઓ થયેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમા સદર સાહેદે તેઓની જુબાનીમાં બનાવની ફરીયાદ તેઓએ આપેલી ફરીયાદ આપવાનુ કારણ તેઓને પૈસાની તકરાર હતી તે બાબતે બોલાચાલી થયેલ, તેઓને મુદામાલ બતાવવામા આવે તો તેઓ ઓળખી શકે નહી તેવી હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદીએ ફરીયાદમા જણાવેલ હકીકતોને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવામા આવેલ છે. જેમા પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત એ.પી.પી.શ્રી રેકર્ડ પર લાવી શકેલ નથી. ત્યારબાદ ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા આરોપીઓ સાથે સામાન્ય બોલચાલી સિવાય બીજુ કશુ બનેલ નહી તેમજ કોઈએ ધમકી આપેલ હોય કે ગાળ આપેલ હોય કે માર મારેલ હોય તેવુ કાઈ બનેલ નહી તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ,ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નીવડે તેવી કોઈ જ હકીકત

તેમના પુરાવામા જણાવેલ નથી. આમ, સ્વયં ફરીયાદી એ તેઓના સમગ્ર પુરાવામા આ કામના આરોપીઓને આરોપ સાથે  સાંકળી શકે તેવી લેશમાત્ર હકીકતો જણાવેલ નથી.  જેથી જયારે ફરીયાદી જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોવાથી તેઓના પુરાવાનુ કોઈ વિશેષ સમર્થનીય મુલ્ય જણાઈ આવતુ નથી.

(૮)  આમ, ફરીયાદપક્ષે રજુ તમામ પુરાવાનુ સમગ્રપણે મુલ્યાંકન કરવામા આવે તો આ કામના ફરીયાદીએ જ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.આરોપીપક્ષે નિખાલસપણે ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ તથા આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ તથા મેડીકલ સર્ટી. કબુલ રાખતા તે રેકર્ડ પર તો આવેલા છે.પરંતુ સદર પંચનામા રેકર્ડ પર આવવા છતા એ હકીકત પુરવાર થતી નથી કે ફરીયાદ મુજબનો જ બનાવ બનવા પામેલ. ફરીયાદી જાતે જ એવુ જણાવે છે કે, સામાન્ય બોલાચાલી થયેલ અને તેઓને ધકકા મુકકીમાં પડી જવાથી ઈજાઓ થયેલ તે સંજોગોમાં તપાસ કરનાર અમલદારને કે મેડીકલ ઓફીસરશ્રીને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી. આમ, ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષના પુરાવાઓનુ મુલ્યાંકન આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપાયેલ તહોમત પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આવા સંજોગોમાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. ઉપરોકત તમામ ચર્ચા મુજબ મુદા નં.(૧) નો જવાબ ''નકાર'' માં આપી મુદા નં. (૨) પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## / / **આખરી હુકમ** / /

(૧) આ કામના આરોપીઓને **બી.એન.એસ.એસની કલમ–૨૭૧** અન્વયે ભારતીય ન્યાય સહિતાની કલમ ૧૧૮(૨), ૩૨૪(૪)(૫),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રત્યેક આરોપીએ રૂ.૫૦૦૦/–ના જામીન અપીલ પીરીયડ સુધીના આપવાનો હુકમ આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૮/૦૬/૨૦૨૬
સ્થળ : ઝગડીયા.

**(ઈ.આર.ક્ષત્રિય)**
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઝગડીયા.
**યુનીક જજ કોડ – જી.જે.૦૧૧૯૭**